# સ્વામિત્વ: સુધારેલી ટેક્નોલોજીથી ગ્રામ્ય-વિસ્તારોનું મેપિંગ અને સર્વે કરવાની યોજના

કેન્દ્ર સરકાર દ્વારા ડિઝિટલાઈઝેશન ઓફ લેન્ડ રેકોર્ડ્સ કાર્યક્રમ હેઠળ તમામ રાજ્યોની જમીનનો સર્વે કરવામાં આવ્યો હતો. આ રી-સર્વેના નકશા તૈયાર કરી, રાજ્યની જમીન દફતર કચેરી દ્વારા લેન્ડ-રેકર્ડ અદ્યતન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ રી-સર્વેમાં રહેલી વિસંગતતાઓ અંગેનાં વિવાદ (વાંધા-અરજી) રજૂ કરવાની આખરી તારીખ સરકાર દ્વારા ૩૧ મી ડિસેમ્બર ૨૦૨૦ નક્કી કરવામાં આવી છે. રાજ્યના ખેડૂતોએ રી-સર્વે સામે તેમનો બળાપો ઠાલવ્યો છે. રી-સર્વે દ્વારા તૈયાર કરાયેલા નવા રેકર્ડમાં ખેડૂતોની જમીનની હદ અને આકારમાં વધ-ઘટ થવાના હજારો વિવાદ અત્યારે જિલ્લા જમીન દફતર વિભાગો પાસે પડતર છે.

ઉપરોક્ત કાર્યક્રમને આગળ લઈ જતાં, કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં "***સ્વામિત્વ: સુધારેલી ટેક્નોલોજીથી ગ્રામ્ય-વિસ્તારોનું મેપિંગ અને સર્વે કરવાની યોજના***" ની જાહેરાત કરવામાં આવી છે.

**યોજનાના ઉદ્દેશ્યો:**

૧. ભારતના ગામોમાં વસતા નાગરિકોને ઋણ અને અન્ય નાણાંકીય લાભ ઉપલબ્ધ કરાવવા માટે તેમની સંપત્તિને નાણાંકીય-પરિસંપત્તિ સ્વરૂપે ઉપયોગમાં લેવા સક્ષમ બનાવી નાણાંકીય સ્થિરતા આપવી.
૨. ગ્રામીણ આયોજન માટે ચોક્કસ લેન્ડ-રેકર્ડનું નિર્માણ કરવું.
૩. મિલકત-વેરાનું નિર્ધારણ, જેથી સીધી ગ્રામ-પંચાયતને આવક થશે અને તેનાથી રાજ્યની આવક વધશે.
૪. સર્વેક્ષણ માટેની માળખાગત સુવિધા અને GIS નકશાનું નિર્માણ થશે, જે જુદા-જુદા વિભાગોને ઉપયોગી થશે.
૫. GIS નકશાઓનો ઉપયોગ કરીને પંચાયત વધુ સારી વિકાસ યોજના બનાવી શકશે.
૬. મિલકત સંબંધી વિવાદ અને કાનૂની કેસ ઓછા થશે.

સ્વામિત્વ યોજના હેઠળ દેશના 6.62 લાખ ગામનો સર્વે થશે. જેમાં ગુજરાતનાં 19015 ગામ પૈકી 14000 ગામનો સર્વે વર્ષ 2021-22 અને બાકીનાં 5015 ગામનો સર્વે વર્ષ 2022-23 માં કરવામાં આવશે.

સર્વેમાં ગ્રામ્ય-વિસ્તારોના વસ્તી ધરાવતાં ગામો અને વસાહતોનો તેમજ વ્યક્તિગત મિલકતો ઉપરાંત પંચાયતની માલિકીની સંપત્તિ, સામુદાયિક સંપત્તિ, રોડ, રસ્તા, કેનાલ, તળાવ, ખુલ્લી જગ્યા, શાળા, આરોગ્ય-કેન્દ્ર, આંગણવાડી વગેરેને પણ આવરી લેવામાં આવશે.

સર્વે માટેની પ્રક્રિયામાં ભારત સરકારનું પંચાયતીરાજ મંત્રાલય, સર્વે ઓફ ઇન્ડિયા, રાજ્ય સરકારનો મહેસૂલ વિભાગ, રાજ્યનો પંચાયત વિભાગ, નિયામક જમીન દફતરની કચેરી, જિલ્લા જમીન દફતરની કચેરી, ગ્રામ-પંચાયતો વગેરેને સાંકળવામાં આવશે.

સર્વે દરમ્યાન રાજ્યના જમીન દફતર વિભાગના ડેટા ઉપરાંત GIS મેપ અને પંચાયત દ્વારા નિભાવેલા જમીન દફતરને લગતા રેકર્ડ તથા તે ઉપરાંત ડ્રોન-કેમેરા દ્વારા લીધેલી હાઈ-રીઝોલ્યુશન તસવીરોને મેળવણી કરી નવું લેન્ડ-રેકોર્ડ તૈયાર કરવામાં આવશે. તમામ મિલ્કતોને ડ્રોન સર્વે વખતે ચુના-

પાવડરથી માર્કિંગ કરી ઇમેજ લેવામાં આવશે. સર્વે દરમ્યાન મિલ્કતોને નવા નંબર આપવામાં આવશે. સર્વે પ્રક્રિયાને અંતે અંકિત થયેલી તમામ મિલકતના ધારકોને પ્રોપર્ટી-કાર્ડ આપવામાં આવશે.

કાર્યક્રમના અમલીકરણ માટે રાષ્ટ્રીય સ્તરે "નેશનલ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ", રાજ્ય સ્તરે "સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ", અને જિલ્લા સ્તરે "જિલ્લા મોનીટરીંગ અને રિવ્યુ કમિટી" ની રચના કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમને અંતે ગામના જમીન અને મિલ્કત ને લગતા રેકર્ડનું આધુનિકરણ થશે. લોકોના મિલકત સંબંધી હક્કો સ્પષ્ટ થશે. આ પ્રક્રિયા દરમ્યાન જો કોઈ વિવાદ ઊભો થાય તો જિલ્લા સ્તરની મોનીટરીંગ અને રિવ્યુ કમિટીને વિવાદની સુનાવણી કરી નિર્ણય લેવાની સત્તા રહેશે. 'સ્વામિત્વ' યોજનાની માર્ગ-દર્શિકામાં જણાવ્યા પ્રમાણે તમામ રાજ્યો આ યોજનાના અમલ માટે જરૂર પડે લેન્ડ-રેવન્યુ કોડમાં જરૂરી ફેરફાર કરશે, યોગ્ય પરિપત્ર અને ઠરાવ કરશે.

'સ્વામિત્વ' યોજનામાં ગામ અને વસાહતો તથા તેની આસ-પાસના વિસ્તારોમાં પારંપારિક રીતે રહેતા, વસવાટ કરતા, વિચરતા, સિઝનલ ડેરા-તંબુ, કે પડાવ નાખીને રહેતા સુદાયના લોકોના આવાસ અધિકાર અંગે કોઈ ચોખવટ કે સ્પષ્ટતા કરવામાં આવી નથી. બીજી મહત્વની બાબત એ છે કે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા વાડા, ગમાણ, ઘાસ સંગ્રહ કરવાની જગા, છાણ-વાસીદું અને ઉકારડાની જગા જેવી પારંપારિક ભોગવટાની જગાની માલિકી કે અન્ય હક્કો અંગે પણ યોજનામાં કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. કાયદાની દ્રષ્ટિએ જેને દબાણ ગણવામાં આવે છે તેવી મિલકતો પર નભતા લોકોનું શું થશે, તે અંગે પણ કોઈ વાત કરી નથી.

આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં કુટુંબ મોટું થાય એટલે બાજુની જમીન પર બીજું છાપરું બાંધી લોકો સ્વાભાવિક રીતે જ વસે છે. પંચાયતની દ્રષ્ટિએ આ વગર-પરવાનગી વાળું ગેર-કાયદેસર બાંધકામ ગણાશે. આવા સમુદાયોના મિલ્કત અને વસવાટના અધિકારોનું શું થશે ? દલિત અને આદિવાસી સમુદાયોની પારંપારિક સ્મશાન ભૂમિ અને તેની સાથેના અધિકારોનું શું થશે ? આ બધા સવાલોના જવાબ આજની યોજનામાં દેખાતા નથી. જેમ-જેમ યોજના વાંચતાં જઈએ તેમ-તેમ આવા અનેક સવાલો સામે આવતા જાય છે.

આપણે સૌ સમાજના છેવાડે વસતા વંચિત સાથે કામ કરીએ છીએ. આવનાર દિવસોમાં 'સ્વામિત્વ' યોજનાનો અમલ થવાથી તેમના અધિકારોને વિપરીત અસર થવાની ઘણી શક્યતાઓ દેખાય છે. આ યોજના પર સરકાર કામ શરૂ કરે તે અગાઉ આપણે 'સ્વામિત્વ' યોજનાને સમજી તે અંગે જરૂર પડે લોકો અને સરકાર સાથે અસરકારક સંવાદ કરવાની જરૂર જણાય છે. આવનારા દિવસોમાં આપણે સાથે મળી પ્રશ્નો અંગે સમજણ કેળવીએ તે જરૂરી છે. આશા રાખીએ કે આપ આપના સંગઠનના સિનિયર વ્યક્તિને આ મુદ્દે રાખવામાં આવેલી ચર્ચામાં જોડશો.

'સ્વામિત્વ' યોજનાને સમજવા અને આગળ સાથે મળી કેવી રીતે કોણ શું કરી શકે તેની ચર્ચા-વિચારણા માટે આગામી દિવસોમાં એક ચર્ચા-સત્રનું આયોજન કરી રહ્યા છીએ. તે સંદર્ભે આપને આ પ્રાથમિક નોંધ મોકલીએ છીએ. આપનાં સૂચનો હોય તો અમને જણાવવા વિનંતી. જેથી તેને આયોજનમાં આવરી લેવાય.